દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪

# હવે થોડા વર્ષોમાં વિશ્વમાં ટ્રિલિયોનરોની જમાત ઉભી થશે

હાલમાં થોડા સમય પહેલા જ ઓક્સફામે વિશ્વમાં વધતી આર્થિક અસમાનતાનો અહેવાલ રજૂ કરતી વખતે કહ્યું હતું કે વિશ્વ હવે કદાચ ટૂંક સમયમાં કોઇ ટ્રિલિયોનર પણ જોઇ શકે છે. અત્યારે બિલિયોનર એટલે કે અબજપતિ તો ઘણા છે પણ હજી ટ્રિલિયોનર એટલે કે ખર્વપતિ કોઇ નથી. હવે લાગે છે કે ઓક્સફામની ધારણા બહુ ઝડપથી સાચી પુરવાર થઇ શકે છે. હમણા એક અહેવાલ આવ્યા છે કે વિશ્વના હાલના સૌથી વધુ ધનિક શખ્સ હવે માત્ર ત્રણેક વર્ષમાં જ વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બની શકે છે. ઇલેક્ટ્રીક કાર ઉત્પાદક ટેસ્લા અને રોકેટ નિર્માતા સ્પેસએક્સના કરિશ્માઇ સીઇઓ લોન મસ્ક વર્ષ ૨૦૨૭ સુધીમાં વિશ્વના પ્રથમ ખર્વપતિ બની શકે છે, જ્યારે ભારતીય ઉદ્યોગ સાહસિક ગૌતમ અદાણી આ દરજ્જો તેના પછીના વર્ષમાં અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણી ૨૦૩૩માં મેળવી શકે છ એમ ઇન્ફોર્મા કનેક્ટ એકેડેમીનો અહેવાલ જણાવે છે.

એલન મસ્ક અત્યારે ૨૩૭ અબજ ડોલરની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિનો દરજ્જો ધરાવે છે તેઓ વર્ષના સરેરાશ ૧૧૦ ટકાના વિકાસ સાથે વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બની શકે છે એમ આ અહેવાલ જણાવે છે. અદાણી કે જેઓ વિશ્વના અબજપતિઓની યાદીમાં ૧૩મો ક્રમ ધરાવે છે તેઓ ૧૦૦ અબજ કરતા થોડીક જ ઓછી મિલકત ધરાવે છે અને તેઓ વિશ્વના બીજા ટ્રિલિયોનર એટલે કે ઓછામાં ઓછી એક ટ્રિલિયન ડોલરની મિલકત ધરાવનાર બની શકે છે. તેઓ તેમનો હાલનો વાર્ષિક ૧૨૩ ટકાનો મિલકત વૃદ્ધિ દર જાળવી રાખે તો ૨૦૨૮ સુધીમાં આ કરી શકે છે. ભારતીયોને આ બાબતે ગૌરવ થાય, પરંતુ આ આખી બાબત અહીં બીજી રીતે વિચારવાની છે. હવે થોડા વર્ષોમાં વિશ્વમાં ધનકુબેરો વધુને વધુ ધનિક બનીને ખર્વપતિ બનવાની દિશામાં પ્રયાણ કરશે બીજી બાજુ કરોડો ગરીબોનો બે છેડા ભેગા કરવા માટેનો સંઘર્ષ પણ ચાલુ રહેશે. મસ્ક તો અત્યારે ધનકુબેરોમાં પ્રથમ ક્રમે જ છે પરંતુ અદાણી છેક ૧૩મા ક્રમ પરથી બીજા ક્રમ પર પાંચેક વર્ષમાં પહોંચી જશે તે તેમની સિદ્ધી અદભૂત કહેવાય! તેમના હરીફ મુકેશ અંબાણી, જેઓ ૧૧૧ અબજ ડોલરની મિલકત સાથે એશિયાના સૌથી ધનિક તરીકેનો દરજ્જો ધરાવે છે તેઓ આ ખર્વપતિનો દરજ્જો ૨૦૩૩માં મેળવી શકે છે એ મુજબ આ અહેવાલ જણાવે છે. કંપનીઓની બાબતમાં જોઇએ તો તે ૨૦૩૫માં ટ્રિલિયન ડોલરના માર્કેટ કેપનો દરજ્જો ૨૦૩૫ સુધીમાં મેળવી શકે છે અને આ દરજ્જો મેળવી શકે તેવી તેમની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ હાલ એકમાત્ર ભારતીય કંપની છે. જે કંપનીઓ ટ્રિલિયન ડોલરનું માર્કેટ કેપ આંબી શકે છે તેમાં તાઇવાનની સેમકન્ડક્ટર કંપની ટીએસએમસી છે જેનું બજાર મૂડીકરણ હાલમાં ૮૯૩.૭ અબજ ડોલરનું છે અને તે આ દરજ્જો ૨૦૨૫માં પ્રાપ્ત કરી શકે છે. તેના પછી ટેસ્લા સહિત વિવિધ કંપનીઓ આ દરજ્જો મેળવવા માટેની હરોળમાં છે. હાલમાં માત્ર થોડીક કંપનીઓએ એક ટ્રિલિયન ડોલરનું માર્કેટ કેપ વટાવ્યું છે જેમાં માઇક્રોસોફ્ટ, એપલ, આલ્ફાબેટ, એમેઝોન, સાઉદી અરામકો, મેટા વગેરેનો સમાવેશ થાય છે. અહીં એક વાત એ પણ નોંધવા જેવી છે કે અનેક મહાકાય કંપનીઓની સરખામણીમાં તેમના માલિકો પહેલા ખર્વપતિ બની રહ્યા છે.

ખરેખર તો વિશ્વમાં જે આર્થિક અસમાનતા વધી છે તે માટે ઘણા દેશોનો મૂડીવાદ તરફી ઝોક સ્પષ્ટપણે જવાબદાર જણાઇ આવે છે. અનેક દેશોની સરકાર ધનવાનોને અનુકૂળ આવે તે રીતે વેરાના નિયમો બદલ્યા છે. ઓક્સફામ કહે છે કે વિશ્વમાં ધનિકો પરના વેરા ઐતિહાસિક નીચા સ્તરે ગયા છે. અનેક દેશોએ આ વેરા ઘટાડ્યા છે અને ધનિકો તેમની મિલકતોના માત્ર ૦.૫ ટકા જેટલો જ સરેરાશ વેરો ચુકવે છે. ભારતમાં ૨૦૧૫માં મિલકત વેરો નાબૂદ કરવમા આવ્યો હતો જે ૩૦ લાખ કરતા વધુ મિલકત પર એક ટકાના દરે ચુકવવાનો થતો હતો. હવે દસ ટકા ટોચના આવકવેરા પર બે ટકા સરચાર્જ ભરીને તેઓ છૂટી જાય છે જે મિલકત પર નહીં પણ આવક પર ચુકવવાનો હોય છે. કોઇ વ્યક્તિની એક અબજ રૂપિયાની મિલકત હોય તો એક ટકાના દરે તેણે વર્ષે એક કરોડ રૂપિયા મિલકત વેરો ચુકવવાનો થાય. જ્યારે આવક પર દસ ટકા વેરો પણ હોય તો તે એટલો બધો થાય નહીં. આવા સંજોગોમાં આવક પર વેરો ચુકવીને પછી ધનવાનો મિલકતોના ઢગલા કર્યા કરે છે. એક તરફ કરોડો લોકો સખત ગરીબીમાં સબડતા હોય અને બીજી બાજુ માંડ થોડાક ધનવાનો પાસે ધનના ઢગલા થયા કરે છે. ઓક્સફામે આને અશ્લીલતા ગણાવી છે તે યોગ્ય જ છે. મહેનત અને આવડત વડે કોઈ સંપત્તિ ભલે ભેગી કરે પરંતુ પછી એક જ જગ્યાએ ધનના ઢગલા થતા જાય અને કરોડો લોકો સખત ગરીબીમાં સબડતા રહે તે ખોટું છે. દુનિયાભરમાંથી આ આર્થિક અસમાનતા દૂર કરવા વિશ્વના દેશોએ પ્રમાણિક પ્રયાસો કરવા જ જોઇએ.

# વડા પ્રધાનની સાખમાં ઘટાડો થવાનાં પાંચ કારણો

નરેન્દ્ર મોદી ત્રીજી વાર દેશના વડા પ્રધાન બન્યા એ વાતને થોડા દિવસમાં સો દિવસ પૂરા થશે. શાસનમાં પહેલા સો દિવસનું મહત્ત્વ હોય છે અને વડા પ્રધાન મોદીએ તો ચૂંટણી પ્રચારમાં એકથી વધુ વખત અલગ અલગ જગ્યાએ રેલીઓને સંબોધતાં કહ્યું હતું કે તેમની પાસે સો દિવસનો પ્રોગ્રામ તૈયાર છે. ચૂંટણી પતવા દો, ફરી વાર સત્તામાં આવવા દો, પછી જુઓ કેવો સપાટો બોલાવું છું. સો દિવસ પૂરા થવામાં છે પણ સપાટો તો ઠીક કોઈ પ્રયાસ પણ જોવા નથી મળતો. જે પ્રયાસ કર્યા એમાં પીછેહઠ કરવી પડી. ઉલટું સરકાર દિશાહીન અવસ્થામાં નજરે પડી રહી છે.

આનું મુખ્ય કારણ એ છે કે નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીમાં જે ગર્વખંડન થયું તેની પીડા ભૂલી નથી શકતા અને તેને છૂપાવવા એવી રીતે વર્તે છે કે જાણે ૨૦૨૪માં લોકસભાની કોઈ ચૂંટણી જ નહોતી યોજાઈ. પક્ષની કોઈ પીછેહઠ થઈ નથી, અંગત પ્રતિષ્ઠામાં કોઈ ઘટાડો થયો નથી. ટૂંકમાં નવી વાસ્તવિકતાને તેઓ નકારે છે અને જૂનો દબદબો એવો ને એવો જ છે એવો દેખાવ કરે છે.

આ બાજુ તેઓ એવી કશીક તકની શોધમાં છે કે લોકોને આંજી દઈ શકાય. તકની શોધમાં તેઓ રશિયા-યુક્રેન યુદ્ધ રોકવા યુક્રેન જઈ આવ્યા. બન્યું એવું કે ભારતના વડા પ્રધાન હજુ તો યુક્રેનની રાજધાની કીવ છોડે ન છોડે ત્યાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ પત્રકાર પરિષદ બોલાવીને કહ્યું કે ભારત તટસ્થ રહે એ ન ચાલે, તેણે સત્યનો પક્ષ લેવો જોઈએ, ન્યાયનો પક્ષ લેવો જોઈએ અને માટે યુક્રેનનો પક્ષ લેવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે મેં (ઝેલેન્સકીએ) આ વાત ભારતના વડા પ્રધાનને મોઢામોઢ કહી હતી. તમે રશિયા જાવ, પુતિનને ગળે મળો અને એ જ સમયે પુતિન યુક્રેનમાં બાળકો માટેનાં આશ્રયસ્થાન પર બોમ્બ હુમલો કરે એ તમારું (નરેન્દ્ર મોદીનું) અપમાન કરનારી ઘટના નહોતી? પુતિન થોડો સમય રોકાઈ ગયા હોત. તમને એમ ન લાગ્યું કે તમારું અપમાન કરવામાં આવ્યું હતું? માટે ભારત જો શાંતિ, સત્ય અને ન્યાયના પક્ષે હોય તો યુક્રેનના પક્ષે હોવું જોઈએ. અમને તમારી તટસ્થતા નથી જોઈતી.

ઝેલેન્સકીએ તેની એક કલાક લાંબી પત્રકાર પરિષદમાં બીજું ઘણું કહ્યું હતું, પણ તેની વાત જવા દઈએ. મુદ્દો એ છે ઝેલેન્સકી કોણ છે, કેવો માણસ છે, દોઢ વરસ લાંબી લડાઈ પછી તેનાં તેવર કેવાં છે, તે શું ઈચ્છે છે, બાંધછોડ કરવા માગે છે કે નહીં, તેની શરતો શું હશે તેની પૂર્ણ જાણકારી મેળવ્યા વિના વિષ્ટિ કરવા ગયા? આ તો જાગતિક મુત્સદ્દીનો સ્વાભાવિક ક્રમ છે. પહેલાં વિદેશ સચિવો જઈને અનુકૂળ ભૂમિકા બનાવે, એ પછી બે દેશના વિદેશ પ્રધાનો મળીને હજુ વધુ અનુકૂળતા બનાવે, ત્રણેય દેશોના વિદેશ પ્રધાનો વચ્ચે ગુપ્ત સ્થળે ગુપ્ત બેઠકો થતી હોય છે અને જ્યારે પાકી સમજૂતી થઈ જાય ત્યારે દેશના વડા વચ્ચે શિખર મંત્રણા યોજાતી હોય છે.

જે તે દેશના વડાઓ સીધા મળે અને પહેલા જ રાઉન્ડમાં ગોદડું સમેટાઈ જાય એવું તો મેં પહેલી વાર જોયું. પણ ગુમાવેલી સાખ પહેલી તકે પાછી મેળવી લેવાની ઉતાવળ છે અને તેમાં આવું બધું બની રહ્યું છે. હવે મુદ્દાની વાત. સૌથી પહેલાં તો તેમણે અને તેમનાં સમર્થકોએ એ તપાસવું જોઈએ કે શેને કારણે સાખ ઘટી?

પાંચ કારણો છેઃ

૧. ચીન. ૨. મણિપુર, ૩. ખેડૂતોનું આંદોલન. ૪. પહેલવાન છોકરીઓનું આંદોલન. ૫. અદાણી.

ચીને ૫૬ ઈંચની છાતીનું આભામંડળ ચીરી નાખ્યું છે. ૨૦૨૦થી ચીને લદ્દાખમાં અંકુશરેખા ઓળંગીને ભારતની ભૂમિમાં પગપેસારો કર્યો છે અને તેમાં વધારો થઈ રહ્યો છે. ચીન લદ્દાખ અને અરુણાચલ પ્રદેશમાં લશ્કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધી રહ્યું છે અને એ આખી દુનિયા જાણે છે. ચીને નકશા બદલી નાખ્યાં છે અને અરુણાચલ પ્રદેશનાં શહેરો અને ઈલાકાઓનાં નામ બદલી નાંખ્યાં છે અને આવું બે-પાંચ ચોરસ કિલોમીટરમાં નથી બન્યું, સેંકડો ચોરસ કિલોમીટરમાં બન્યું છે.

લદાખીઓએ તો આંદોલન કર્યું હતું કે પેનગોંગમાં કેટલો પ્રદેશ અમારા હાથમાં બચ્યો છે તે જોવા માટે અમને ચીનની સરહદ તરફ જવા દેવામાં આવે. જોઈએ તો ખરા કે આજે જ્યાં અમે છીએ એ પણ બચશે કે કેમ!

વડા પ્રધાન એક શબ્દ નથી બોલતા. ઊંહકારો નથી કરતા. લોકો આ જાણે છે અને ભક્તો બચાવમાં એક દલીલ નથી કરી શકતા.

આવું જ મણિપુરમાં અને મણિપુર તો પાછું સળગ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલકે ત્રણ મહિનામાં બે વખત મણિપુરનો પ્રશ્ન જાહેરમાં ઉચ્ચાર્યો છે અને ઘટતું કરવાની સરકારને સલાહ આપી છે, પણ વડા પ્રધાન ખામોશ છે. મણીપુરનો મ નથી ઉચ્ચારતા ત્યાં મણિપુરની મુલાકાત તો બહુ દૂરની વાત છે. મણિપુર સરહદી રાજ્ય છે એ છતાંય. કોઈ કહે અને મારે કરવું પડે તો મર્દાનગી લાજે. આમાં કઈ મર્દાનગી છે? આમાં કયું આત્મગૌરવ છે?

## વાત પાછળની વાત

**રમેશ ઓઝા**

ભડવીરતા બતાવવી જ હોય તો ચીન સરહદે ઊભું જ છે. સંઘના સરસંઘચાલકની સલાહ પણ કાને ધરવામાં નથી આવતી. ચીનની જેમ જ મણિપુરની વાત આવે ત્યારે સમર્થકો પણ ચૂપ થઈ જાય છે.

ખેડૂત અને લશ્કરી જવાન આ દેશમાં આજે પણ આદરણીય છે. એક આપણું પેટ ભરે છે અને બીજો આપણું રક્ષણ કરે છે. જે રીતે ખેડૂતોનાં આંદોલનને હાથ ધરવામાં આવ્યું એ જોઈને દેશ સ્તબ્ધ થઈ ગયો હતો. આંદોલનને નિષ્ફળ બનાવવામાં અને તેમને હેરાન કરવામાં કશું બાકી નહોતું રાખ્યું. વડા પ્રધાન ખેડૂતોના પ્રતિનિધિ મંડળને મળ્યા હોત, સીધી પોતાના સ્તરે વાટાઘાટો કરી હોત, સહાનુભૂતિના બે શબ્દો કહ્યા હોત તો શું વડા પ્રધાનના પદની ગરિમા ઘટી જવાની હતી? ઉલટી વધી હોત. પ્રજાવત્સલ વડા પ્રધાન તરીકેની પ્રતિભા વિકસી હોત. પણ નહીં. કોઈ મને પડકારે? ખેડૂતોનું આંદોલન મહિનાઓ સુધી સાતત્યપૂર્વક ચાલ્યું એ જ બતાવે છે કે તેમની પીડા સાચી છે અને તેમની પીડાને લોકોનો સીધો કે આડકતરો ટેકો છે. સાચી પીડા અને લોકોની સહાનુભૂતિ વિના કોઈ આંદોલન સફળ થતાં નથી અને લાંબો સમય ચાલતાં નથી. શું એવું કોઈ નથી બચ્યું જે આ વાત વડા પ્રધાનને કહી શકે?

પહેલવાન છોકરીઓની પીડા અંતરને હચમચાવી મૂકે એવી હતી. એક ચારિત્ર્યહીન મુફલીસના પક્ષે વડા પ્રધાન ઊભા રહેલા જોવા મળે? મારો માણસ છે, એ ગમે એ કરે તમે બોલનાર કોણ? એક શબ્દ નહીં. આજ સુધી નહીં.

ન નિંદાનો કે ન સહાનુભૂતિનો. કયા તર્કથી અને કયા મૂલ્યથી પ્રેરાઈને વડા પ્રધાને આવું વલણ અપનાવ્યું હતું એ જો કોઈ કહી શકે તો દેશ પર મોટી મહેરબાની થશે.

અને છેલ્લે અદાણી જૂથ સાથેનો ઘરોબો, તેને કરવામાં આવતી મદદ, તેનો કરવામાં આવતો બચાવ શંકા પેદા કરનારો છે. બધું જ ખુલ્લેઆમ થઈ રહ્યું છે. થાય એ કરી લો. થોડુંક અંતર રાખવાનો અને અંતર દેખાડવાનો પણ પ્રયાસ કરવામાં નથી આવતો. રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું હતું કે અદાણીને ચીમટો ખણો તો પીડા વડા પ્રધાન અનુભવે છે. આ પછી પણ કોઈ અસર નહીં!

હવે એક વાત સમજી લો. આમાં કોઈ જગ્યાએ મુસલમાન નથી. કાં તો વિદેશી શત્રુ (ચીન) છે અથવા હિંદુ છે. ખેડૂતો હિંદુ હતા, પહેલવાન છોકરીઓ હિંદુ હતી, જેની ગૌરક્ષકોએ હત્યા કરી એ યુવક હિંદુ હતો, મણિપુરનાં લોકો મોટી સંખ્યામાં હિંદુ છે.

કાશ્મીરના મુસલમાનો પાસેથી આર્ટીકલ ૩૭૦ છીનવી લીધો અને મુસલમાનો પાસેથી અયોધ્યામાં મસ્જીદ છીનવી લીધી એ જોઈને રાજી થયેલાં હિંદુઓ ઉપર કહ્યા એવા હિંદુઓ સાથે થયેલા અને થઈ રહેલા અત્યાચારો જોઈને શું રાજી થયા હશે? બીજાનું છીનવાઈ જતું જોઈને કિકિયારી પાડનારાં લોકો પોતાની નીચે રેલો આવે ત્યારે માણસ બની જતા હોય છે.

ટૂંકમાં આ પાંચ ચીજ છે, જેને કારણે વડા પ્રધાનની સાખમાં ઘટાડો થયો છે. આર્ટીકલ ૩૭૦ રદ કર્યો અને અયોધ્યામાં રામમંદિર બાંધી આપ્યું એ પછી પણ લોકો અને લોકોના પ્રશ્નોની ઉપેક્ષા કરનાર, મોઢું ફેરવી લેનાર, અસંવેદનશીલ અને રાષ્ટ્રીય સુરક્ષા કરતાં પણ અંગત પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વ આપનાર શાસક એક સમય પછી સાખ ગુમાવે. જે બની રહ્યું છે એ સ્વાભાવિક ક્રમે બની રહ્યું છે. આમાં આશ્ચર્યની કોઈ વાત નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ભક્તની પરીક્ષા

ભગવાનનો એક એકદમ પ્રખર ભગત હતો. તે સવાર સાંજ ભગવાનની ભક્તિ કરતો. રોજ મંદિરે જવાના નિયમ પાળતો. ભગવાન તેની ભક્તિથી ખુશ હતા. એક દિવસ ભગવાને તેમના ભક્તની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

ભગવાન પ્રસન્ન થઈને રોજે રોજ ભક્ત જ્યારે જ્યારે મંદિરે આવે અને જે કંઈ નાની મોટી માંગણી કરે તેને તથાસ્તુ કહીને તરત પૂરી કરે. ભક્ત ખુશ ખુશ થઇ ગયો કે હું ભક્તિ કરું છું અને ભગવાન મારી ભક્તિથી ખુશ છે એટલે તો હું જે માંગું છું તે મને મળી જાય છે. ભક્ત ભગવાનની વધારે ભક્તિ કરવા લાગ્યો. ભગવાનને નારદજીએ પૂછ્યું, ‘પ્રભુ, તમે શું કામ આ ભક્તની બધી ઇચ્છાઓ અને માંગણીઓ ઘડીક વારમાં પૂરી કરી દો છો?’ ભગવાન હસ્યા અને બોલ્યા, ‘હું મારા ભક્તની ભક્તિની પરીક્ષા લઇ રહ્યો છું.’ નારદજીને કંઈ સમજાયું નહિ કે કસોટી તો અઘરી હોય. આમ જે માંગે તે આપવું થોડી કસોટી કહેવાય? ભગવાન ભક્તની બધી માંગણીઓ પૂરી કરતા રહ્યા. હવે ભક્તને અભિમાન આવ્યું કે,‘મારી ભક્તિમાં કેવી તાકાત છે કે હું જે કહું તે ભગવાનને પણ કરવું જ પડે છે. મારી ભક્તિ સામે ભગવાન પણ બધું જ આપવા વિવશ છે.’ ભક્તની ભક્તિ ચાલુ હતી પણ મનના આવા અભિમાનપ્રેરક વિચારો ભક્તિની તાકાત ઘટાડી રહ્યા હતા. પહેલાં ભક્ત ભક્તિ કરતો અને ભગવાન પાસે માગતો, વિનંતી કરતો અને હવે તે એમ વિચારવા લાગ્યો કે મારી ભક્તિ જ એવી ઉચ્ચ કક્ષાની છે કે ભગવાને બધું આપવું જ પડે. હું માંગું અને તે ન આપે એવું બને જ નહિ.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

આ અભિમાન એક વાર મન અને મગજમાં પ્રવેશ્યું એટલે મનનો શરણાગત ભાવ ગાયબ થઈ ગયો. ભગવાનની કૃપાને ભક્ત પોતાની ભક્તિનો અધિકાર માનવા લાગ્યો. વિચારવા લાગ્યો હું તો જે માંગીશ તે ભગવાને આપવું જ પડશે અને એથી આગળ વધીને હવે તે એમ વિચારવા લાગ્યો કે ભગવાન હું કહીશ તેમ જ કરશે. જાણે હું પોતે જ ભગવાન છું. હું કહું તેમ જ થાય છે. હું મનમાં જે વિચારું તે પણ થઈ જાય છે. આવા વિચારો મનમાં આવતાં ભક્ત ભગવાનને ભૂલતો ગયો અને પોતાને અને પોતાની ભક્તિને જ શક્તિમાન સમજવા લાગ્યો અને બસ, ભગવાનની કસોટીમાં તે નાપાસ થયો. જીવનમાં જે સારું થાય તે ઈશ્વર કૃપા છે તેમ માનવાને બદલે તે તો મારી સેવા અને ભક્તિનો અધિકાર છે તેવું માનો, ભગવાનને ભૂલીને પોતાને મહત્ત્વ આપીને ભક્તિ કરો ત્યારે તમે ભક્ત તરીકેની કસોટીમાં નાપાસ થાવ છો. જ્યારે જ્યારે જીવનમાં મનવાંછિત ફળ મળે ત્યારે ત્યારે પ્રભુનો વધુ ને વધુ આભાર માનવો, વધુ ને વધુ ભક્તિ કરવી. પ્રભુને ભૂલીને જાણે પોતે જ ભગવાન છીએ તેવું માનવા લાગવું નહિ.

# એક દેશને કેટલો વિકાસ જોઈએ?

મહાત્મા ટૉલ્સ્ટોયની અતિ જાણીતી વાર્તા ‘એક માણસને કેટલી જમીન જોઈએ?’માં એક ખેડૂતના અતિ લોભની વાત કરવામાં આવી છે. સૂર્યાસ્ત સુધીમાં વધુ ને વધુ જમીનને પોતાના પગ તળે આવરી લેવાની લ્હાયમાં આખરે ખેડૂત મૃત્યુ પામે છે અને તેના દફન પૂરતી, કેવળ છ ફીટ જમીન પામી શકે છે. આ વાર્તા કોઈ એક માનવની નહીં પણ સમગ્ર માનવજાતની છે એમ કહી શકાય. કેમ કે, માનવજાતના લોભને કોઈ થોભ નથી.

વર્તમાન સમયમાં તે સમયના વિચિત્ર વળાંકે ઊભેલો છે. એક તરફ તે વિકાસની આંધળી દોટમાં મશગૂલ છે. બીજી તરફ આ દોટની વિપરીત અસરોનું પરિણામ નજર સામે છે અને તે પોતાની જીવનશૈલીમાં ફેરફાર કરીને લઘુતમ જીવનશૈલી તરફ નજર કરી રહ્યો છે. ત્રીજો માર્ગ ભૂતકાળ તરફ પાછા વળવાનો છે, જે સદંતર બંધ થઈ ચૂકેલો છે.

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા આપણા દેશના રાજ્ય ગોવામાં તેનું પ્રાકૃતિક સૌંદર્ય જ તેનું દુશ્મન બની બેઠું છે. એક તરફ સમુદ્ર અને બીજી તરફ પર્વતોનું વિશિષ્ટ ભૂપૃષ્ઠ ધરાવતા આ પ્રદેશમાં હવે પર્વતોનું પદ્ધતિસર નિકંદન કાઢવાની પ્રવૃત્તિ આરંભાઈ છે. સ્વાભાવિકપણે જ વૃક્ષ, પર્વત, સમુદ્ર વગેરે પર અનેક પ્રકારની જૈવપ્રણાલી નિર્ભર હોય છે. પર્વતોનો વિનાશ એટલે તેની પર નિર્ભર આવી અનેક જૈવપ્રણાલીઓનો નાશ.

એક સમયે ગોવાની વસતી પ્રમાણમાં ઘણી ઓછી હતી પણ પ્રવાસનને કારણે સ્થાનિકો તેમજ બહારનાં લોકોને અહીં સ્થાવર મિલકત વસાવવાની ચાનક ચડી. ખાસ કરીને સમુદ્ર તટે લોકો મિલકત વસાવવા લાગ્યાં તેને પગલે ઈમારતો ઊભી થવા લાગી અને જોતજોતામાં જમીન ઓછી પડવા માંડી. તેને કારણે લોકો સમુદ્ર તટેથી દૂર, અંતરિયાળ વિસ્તારમાં જવા લાગ્યાં. પરિણામસ્વરૂપ જમીનનું આડેધડ પુરાણ થવા લાગ્યું. આ ગતિવિધિને કાનૂનમાં વિવિધ સુધારા દ્વારા મંજૂરી આપવામાં આવી અને કેટલાય ‘અવિકસિત’ વિસ્તારોને રાતોરાત બાંધકામ માટે સુયોગ્ય ઠેરવી દેવામાં આવ્યા. મોટા મોટા પ્રકલ્પો માટે ધીમે ધીમે ખેતરોની જમીનમાં પુરાણ થતું ચાલ્યું. આટલું પર્યાપ્ત નહોતું. નવી જમીન પેદા કરી શકાય એમ નહોતી એટલે

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

‘વિકાસ’ની નજર હવે પર્વતો તરફ જવા લાગી. ઠેરઠેર પહોળા માર્ગ, નિવાસી સંકુલો, શૉપિંગ પ્લાઝા વગેરેની ભરમાર ઊભી થતી રહી છે, જેના માટે હવે પર્વતોને નષ્ટ કરવાનું શરૂ થયું છે.

આ વલણ કેટલું ખતરનાક અને પ્રાણઘાતક નીવડી શકે એમ છે એ કંઈ કોઈથી અજાણ્યું નથી. સમુદ્રતળની ઊંચાઈએ આવેલાં શહેરોમાં તળાવનું પુરાણ કરીને બાંધકામ કરવામાં આવે તો પણ એ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા ઊભી થઈ જાય છે. તેને બદલે અહીં તો પર્વતોને સાફ કરવાનું શરૂ થયું છે. કુદરત સાથેની આ છેડછાડનું પરિણામ કેટલા ગણું ભોગવવું પડશે એ વિચાર જ ધ્રુજાવી નાખનારો છે.

કેરળના વાયનાડમાં થયેલા ભૂસ્ખલનને પગલે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જણાવ્યું છે કે નિષ્ણાતોની સમિતિ દ્વારા ગોવાના ભૂસ્ખલન અંગે તૈયાર કરાયેલા એક અહેવાલનો અમલ કરવામાં આવશે અને જરૂર પડ્યે પર્વતોના ઢોળાવ પર અપાતી બાંધકામની મંજૂરીને રદ કરવામાં આવશે. પર્વતોના ઉચ્છેદનને સંબંધિત અધિકારીઓના ધ્યાન પર લાવવાની સીધી જવાબદારી તેમણે તલાટીઓના શિરે ઢોળી છે. એટલે કે ગામના તલાટીઓ પર્વતોને કાપવાના, તેમના ઢોળાવ પર બાંધકામના મામલે દેખરેખ રાખશે અને કશી ગેરકાનૂની બાબત જણાય તો જિલ્લા કલેક્ટરના ધ્યાને તેને લાવશે.

તલાટીના ધ્યાને આવું કંઈક આવે, તેઓ જિલ્લા કલેક્ટરને જાણ કરે, જિલ્લા કલેક્ટર તેની પર પગલાં લે ત્યાં સુધીમાં પર્યાવરણને જે નુકસાન થઈ ગયું હોય એ થઈ ગયું હશે. ધારી લઈએ કે આવી ગતિવિધિમાં અદાલતનો ચુકાદો એ વિસ્તારને ‘યથાવત્’ કરી દેવાનો આવે તો પણ કશું હતું એમનું એમ થઈ શકે નહીં, કેમ કે, આસપાસની જીવસૃષ્ટિ અને જૈવપ્રણાલીને થઈ ચૂકેલું નુકસાન ભરપાઈ ન કરી શકાય એવું હોય છે.

સૌથી મહત્ત્વની અને અવગણી ન શકાય એવી બાબત એ છે કે આ પ્રકારની ગતિવિધિઓ કંઈ સામાન્ય નાગરિકો કરતાં નથી હોતાં. સરકારમાં વગ ધરાવતા બિલ્ડરો સિવાય કોની હિંમત ચાલે? સરકાર ખરેખર કોઈ નક્કર પગલાં લેવા ઈચ્છે તો તેની સામેલગીરી બને એટલી સીધી હોવી ઘટે. મુખ્ય સવાલ એ છે કે સરકાર પગલાં લેવા ખરેખર ઈચ્છે છે કે પગલાં લેવાનો કેવળ દેખાવ કરવા માગે છે?

આ ગતિવિધિને લઈને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતાં ગોવાનાં કર્મશીલોને ડર છે કે વેળાસર અને યોગ્ય રીતે પગલાં લેવામાં નહીં આવે તો ગોવાનો પર્વતીય વિસ્તાર જોતજોતામાં સફાચટ થઈ જાય એ દિવસ દૂર નહીં રહે. એમ થાય તો પછી તેનાં પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડશે. દર વખતે થાય છે એમ વિકાસનાં ફળ ચાખશે કોઈક બીજું અને તેનાં માઠાં પરિણામ ભોગવશે અન્ય કોઈ.

માનવજાતને ભેટમાં મળેલી કુદરતી સંપદાની તેને કશી કિંમત નથી એ હકીકત વખતોવખત વિવિધ રીતે અને લગભગ સર્વત્ર પુરવાર થતી રહી છે.

સરકારની આ બાબતે ઉદાસીનતા એક મુખ્ય પરિબળ ખરું, સાથોસાથ નાગરિક તરીકે આપણે પણ આ બાબતે પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવામાં નિષ્ફળ ગયા છીએ એમ લાગ્યા વિના રહેતું નથી. ‘એ શી રીતે?’ એવો સવાલ કોઈને થાય તો પ્રવાસન સ્થળોએ આપણો વ્યક્તિગત અભિગમ કેવો હોય છે એ વિશે વિચારીએ તો આનો જવાબ મળી જશે. વિકાસની આંધળી દોટ જોઈને લાગે છે કે ટૉલ્સ્ટોયની વાર્તા સદાય પ્રસ્તુત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

## ફુડ પોલિસિંગ

દુનિયામાં એવો કોઇ દેશ નથી જે ભારતની ખાદ્ય વિવિધતાની સમાનતા કરી શકે. ભારત સિવાય બીજે ક્યાં એવું હોઈ શકે કે મદુરાઇના પ્રતિષ્ઠિત મીનાક્ષી પૂરમ મંદિરની પાસે અમ્માઝ કિચન નામની અદ્દભુત રેસ્ટોરન્ટ છે. જે શ્રેષ્ઠ ચેટીનાડ માંસાહારી ભોજન પીરસે છે. જૂના જયપુરમાં એક મુસ્લિમ પરિવાર પેઢીઓથી સંચાલિત 3 માળની રેસ્ટોરન્ટ જે સ્વાદિષ્ટ મોગલાઇ ભોજન પીરસે છે અને જે એક શુધ્ધ શાકાહારી ભોજનાલયની બરાબર બાજુમાં જ છે. પૂણે-સોલાપુર ધોરી માર્ગ પર જય તુલજા ભવાની નામનો ઢાબો બીજે ક્યાંય નથી જ્યાં સ્વાદિષ્ટ મટન રંધાતુ હોય. ભારત સિવાય બીજે ક્યાંય નથી જે વિજયવાડાના કેન્દ્રમાં એક ફુડ સ્ટ્રીટ જોવા મળે. જ્યાં ડઝન પ્રકારની આંધ્ર બિરયાની ઈડલી ઢોસા સાથે વેચવામાં આવે છે. શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ કાયમ જ આપણા દેશની ભોજનકળાનું સૂત્ર રહ્યું છે. જ્યાં કોઈ રેસ્ટોરન્ટનું મૂલ્યાંકન તેના માલિકના નામથી નહીં પરંતુ ભોજનની ગુણવત્તાથી થાય છે. જાણી જોઈને સમાજમાં ભાગલાનું બીજારોપણ કરાય. કેટલાંય વર્ષોમાં યાત્રીઓની ખાણી-પીણીની ટેવો અંગે કાવડયાત્રામાં કોઈ વિવાદ થયો હોવાના ભાગ્યે જ પુરાવા મળ્યા હોય તેનાથી વિરુધ્ધ સરકારની ભેદભાવપૂર્ણ ફુડ રાજનીતિ સમસ્યાનું કારણ બની શકે પણ કોર્ટે સાચવી લીધું. દેશમાં સ્ટ્રીટફુડની શોધ કરતા સમયે સ્વચ્છતા કાયમ ચિંતાનો વિષય છે. જમવાના સ્થાનની સ્વચ્છતાથી તેના માલિકની ધાર્મિક ઓળખ સાથે આંકી શકાય નહીં.

**ગંગાધરા -જમિયતરામ હ. શર્મા,**

## ધર્મને માનવીય મૂલ્યો સાથે મૂલવીએ

કોઈપણ ધર્મ માનવીને એક ધર્મના લોકોને બીજા લોકોના ધર્મ વિરૂદ્ધ નફરત ફેલાવવાનું નથી શીખવતો. કોઈપણ ધર્મમાં શાંતિ, ભાઈચારો, એકબીજા માનવી પ્રત્યે કરુણા અપનાવવાનું શીખવે છે. કોઈપણ ધર્મમાં હિંસાને સ્થાન નથી. દરેક ધર્મમાં તો આખરે કાળા માથાનો માનવી જ કેન્દ્ર સ્થાને છે ને. કોઈપણ ધર્મ જોઈ લો ધર્મના નામે જ્યારે પણ રમખાણો થયા છે ત્યારે અથડામણમાં ઘાયલ થાય છે ત્યારે ઘવાયેલાનું લોહી લાલ જ નીકળે છે. જો એવું હોત તો દરેક ધર્મ ના લોકોનુ લોહી પણ અલગ હોવુ જોઈએ ને...? દરેકને પોતાનો ધર્મ પાળવાની છૂટ છે પણ જો માનવીના મૂલ્યોનું ધોવાણ થતું જોવા મળે ત્યારે દરેક ધર્મના લોકો એ ભેગા મળીને ફક્ત એક માનવ બીજા માનવીને જ્ઞાન, રોજગારી, અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવવા મદદ કરે એવા માનવ ધર્મની હાલના સમયમા તાતી જરૂરીયાત છે. એવું નકકી કરવુ જોઈએ. ધર્મનો મૂળભૂત હેતુ માણસને અધમ કૃત્ય કરતાં અટકાવે એ જ હોવો જોઈએ, જ્યારેજ્યારે રમખાણો થયા છે ત્યારે ઈશ્વર, કે ખુદા મંદિર કે મસ્જિદમાંથી બહાર આવે છે ખરા..? માણસ જ એકબીજાને મદદ કરે છે. કોઈપણ ધર્મમાં કર્ણપ્રિય સંગીતને સ્થાન છે ત્યારે સવારમાં નરસિંહ મહેતાના પ્રભાતિયાં, ગંગાસતી, પાનબાઈ, કબીરના દોહા વગેરે સાંભળવાથી માનવીનું મન હળવું થાય છે. માટે ધર્મને જીવતો રાખવાની ચાવી માનવ પાસે છે જે ચાવીનો સદુપયોગ થાય એવું વિચારીએ. દરેક ધર્મનો આદર કરીએ આખરે તો બંધારણ થકી ઘડવામાં આવેલ કાયદા, કાનૂન, નિયમનો જ અમલ કરવાનો છે એમા કોઈને છૂટછાટ આપવામાં આવતી નથી.

**સૂરત - ચંદ્રકાંત રાણા**

## સુરતીઓ શ્રીજી સાથે સમાજ સેવા પણ જોડી દે છે

સુરતીઓ જેની આખા વરસ રાહ જોઈ છે તે ગણેશ ઉત્સવ આવી ગયો છે. સુરતીઓ આમ પણ દરેક તહેવાર પોતાનાં આગવા અંદાજ અનોખી નોખી સ્ટાઇલ અને દુનિયા દંગ રહી જાય નવાઈ પામી જાય તે રીતે ઉજવવા માણવા જાણીતા છે. સુરતીઓ બસ સુરતીઓ છે. એની બરોબરી કોઈ ક્યારેય કરી શકે નહિ. આ વખતે સુરતમાં વિવિધ આકર્ષક નયનરમ્ય શ્રીજીની મૂર્તિઓ આવી ગઈ છે. શ્રીજીના આગમનથી સુરતની બધી શેરી બધા મોહલ્લા જીવંત થઈ ગયા છે. જાણે સુરતની ગલીઓ શેરીઓ ધબકતી ચમકતી સ્વચ્છ થઈ ગઈ છે. એક જાન આવી ગઈ છે. આખા સુરતમાં ઠેકઠેકાણે રોશની થઈ ગઈ છે. શ્રી જી ચારેબાજુ રોશની ભપકો ઠાઠ લઈ આવ્યા છે. બધી ગલીઓમાં રોનક આવી ગઈ છે. સુરતીઓ શ્રીજી સાથે સમાજ સેવા પણ જોડી દે છે બધા મંડળો કોઈને કોઈ સેવાકીય પ્રવુતિઓ કરે છે. રક્તદાન ચક્ષુદાન સહિતની સમાજ સેવા ધમધોકાર ચાલે છે દવા દારૂ સ્કુલ ફી ચોપડા નોટબૂક વિતરણ ઓપરેશનનો ખર્ચ પણ આપવામાં આવશે મફત આંખની તપાસ ફ્રી ચશ્માં કાઢી આપવામા આવશે. સાથોસાથ દરેક મોહલ્લા શેરીઓમાં એકતા સંપ ભાઈચારાના દર્શન થાય છે. બારેમાસ જુવાનિયા કઈ કામના નથી ની બૂમો પાડતા વડીલો આ દસ દિવસ કઈ બોલતા નથી. સમૂહ ભોજન સત્યનારાયણની કથા ખાસ ધ્યાન ખેંચે છે. આ વરસે નાના મંડળો પણ 80 હજારથી લાખ રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છે. એક સરખા ડ્રેસ કોડથી આગમન યાત્રા શોભી ઉઠી હતી. મોદક અને મોતીચૂરના લાડુઓની માંગ વધી છે. સત્યનારાયણની કથા કરાવનાર મહારાજ પાસે જરા પણ સમય નથી. કાશ્મીરી ગુલાબ તો જોવા પણ મળતા નથી. ગલગોટાથી કામ ચલાવાય છે. આ દસ દિવસ સુરતીઓ મનભરીને શ્રીજીની અર્ચના પુજા કરશે. બોલો ગણપતિ બાપ્પા મોરિયા

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

## શિકાગોમાં સ્વામી વિવેકાનંદજીએ આપેલું પ્રવચન

11મી સપ્ટેમ્બર 1893માં શિકાગોમાં વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદે નીચે મુજબનું સંક્ષિપ્તમાં વક્તવ્ય આપ્યું હતું. ‘તમે અમારું જે ઉમળકાભર્યું અને હાર્દિક સ્વાગત કર્યું છે તેનો પ્રત્યુતર આપવા માટે ઊભા થતાં મારું હૃદય અવર્ણનીય આનંદથી ભરાઇ જાય છે. જગતના પ્રાચીનમાં પ્રાચીન સન્યાસી સંઘને નામે હું તમારો આભાર માનું છું. સર્વધર્મોની જનનીના નામે હું તમારો આભાર માનું છું. જે ધર્મ જગતને સહિષ્ણુતાં અને વિશ્વબંધુતાનાં પાઠ શીખવ્યા તેનો પ્રતિનિધિ હોવાનું ગૌરવ હું અનુભવી રહ્યો છુ. સર્વ ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવવામાં અમે માનીએ છીએ, એટલું જ નહીં, પરંતુ સર્વધર્મો સત્ય છે એનો પણ સ્વીકાર કરીએ છીએ. મને ગર્વ થાય છે કે હું એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું જેણે જુલમનો ભોગ બનેલા તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે. મને એ વાત કહેતા અભિમાન થાય છે કે યહૂદી લોકોના એક પરમશુદ્ર અવિશિષ્ટ વર્ગને અમે અમારી વચ્ચે જાળવી રાખ્યો છે. જે વર્ષે અત્યાચારી રોમન લોકોએ એમના પવિત્ર મંદિરનાં ટુકડે ટુકડા કરી નાખ્યા તે જ વર્ષમાં એ વર્ગ દક્ષિણ ભારતમાં આવ્યો અને અમારી વચ્ચે વસ્યો. મને ગર્વ થાય છે કે મારો જન્મ એક એવા ધર્મમાં થયો છે, જેણે મહાન જરથોસ્તી પ્રજાના અવશેષને આશ્રય આપ્યો છે અને હજી તેઓ સમાન સાથે વસી રહ્યા છે.

**સુરત - ડાહ્યાભાઈ પટેલ**

## ઉત્સાહ ઉન્માદમાં ફેરવાય ત્યારે અધોગતિ નક્કી હોય છે

સોશ્યલ મિડિયા પર એક ચિત્ર વાઈરલ થયું છે, જેમાં વિદેશની નદી એકદમ ચોખ્ખી ચણાક બતાવી છે અને ભારતની નદી (જેને આપણે માતા માનીએ છીએ) તે સંપૂર્ણ કચરાથી ભરેલી અને પ્રદૂષિત બતાવી છે. ભારત દેશની ધાર્મિક તાસીરનું આ નગ્ન ચિત્ર છે. ધર્મની બાબતે આપણા જેટલી દંભી, આડંબરી અને નોનસેન્સ પ્રજા કોઈ નહીં હોય. વિશ્વમાં નદીને માતા માનનારી પ્રજા જ્યારે નદીને જ ગંદી અને પ્રદૂષિત કરતી હોય તો એના જેવી વિડંબના અને બલિહારી બીજી કઈ હોઈ શકે? ગાય, ગંગા અને ગીતાને પવિત્ર સમજનારી પ્રજા જ જ્યારે ગાયને રખડતી અને કચરો આરોગવા માટે રેઢી મૂકી દેતાં હોય, પવિત્ર ગંગા નદીને ગટર જેવી ગંદી, પ્રદૂષિત અને અપવિત્ર કરતાં હોય, ભગવદ્ ગીતાને સમજવાની વાત તો દૂર રહી પણ ક્યારેય પઠન ન કર્યું હોય એવી પ્રજાને સૌથી દંભી પ્રજા કહી શકાય. નદીઓની દુર્દશા આપણાં કુકર્મોને કારણે થઈ છે. વૃક્ષમાં વાસુદેવ અને છોડમાં રણછોડને જોવાવાળી અને તુલસીની પૂજા કરનારી પ્રજાનાં દેશમાં જ માથાદીઠ વૃક્ષોની સંખ્યા સૌથી ઓછી હોય એ કેવી વક્રતા? સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ રહી ચૂકેલાં માર્કંડેય કાત્જુએ એક વખત કહેલું કે, ભારત દેશની 90 ટકા પ્રજા મૂર્ખ છે અને આ વાતને આપણે સાચી સાબિત કરવા રાત દિવસ પ્રયત્નશીલ રહીએ છીએ એ કેવી વિડંબના કે ડી.જે વગર આપણે આરતી નથી કરી શકતાં, ફિલ્મી ગીતો વગર આપણે ભજન નથી ગાઈ શકતાં. ગણપતિનો ઉત્સવ હવે ગણપતિની સ્તુતિને બદલે સતામણીનો તહેવાર બની ગયો છે. 10 દિવસ ગણેશ પંડાલમાં (કેટલાક આપવાદોને બાદ કરતાં) જે ગતિવિધિ થાય છે, એ જોતાં જો ગણપતિની મૂર્તિમાં જીવ આવે તો ગણપતિ સ્વયં જળ સમાધિ લઈ લે એમ છે. આપણે ધાર્મિક નથી, ધર્માંધ છીએ. આપણે ધર્મને ધતિંગ અને ધંધો બનાવી દીધો છે. કાર્લ માર્કસે ધર્મને અફીણ સાથે સરખાવ્યો છે પણ અફીણનો નશો તો અલ્પકાલીન ટકે છે, જ્યારે ધર્મનો નશો તો દીર્ઘજીવી અને ઘણાંને માટે મૃત્યુપર્યંત ટકતો હોય છે. ધર્મની ઘેલછા અને ધર્મનો ઉન્માદ જ એવો હોય છે કે, ક્યાંક મૂર્તિનું ડોકું તૂટે તો માણસનું ડોકું કાપતાં માણસ ખંચકાતો નથી. ઉત્સાહ ઉન્માદમાં ફેરવાય ત્યારે પતન નિશ્ચિત બને છે.

**સુરત - પ્રેમ સુમેસરા**